# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 154 Cr.P.C.)

## (ફોજદારી કાર્યસંહિતાની કલમ 154 હેઠળ.)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | District (જીલ્લો) | ગાંધીનગર | Police Station (પોલીસ સ્ટેશન) | ગાંધીનગર સેકટ ર-૭ | Year (વર્ષ) | 2023 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક) | 11216008230197 | Date (તારીખ) | 17/05/2023 |

2 (i) Act (અધિનિયમ): આઈ પી સી — Sections (કલમો): 409,168,193,196,465,466,467,468,471,120 B

(ii) Act (અધિનિયમ): ભ્રષ્ટાચાર અટકાવવાનો અધિનિયમ — Sections (કલમો): 13(1)(a),13(1)(b),13(2)

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Day. (દિવસ) | શુક્રવાર | Date from (તારીખથી) | 06/04/2018 | Date to (તારીખ સુધી) | 30/09/2019 |
| Time Period (સમયગાળો) | | Time from (કલાકથી) | 10:20 | Time to (કલાક સુધી) | 09:00 |

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) — Date (તારીખ): 17/05/2023 — Time (સમય): 22:00

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) — Time (સમય):

4 Type of Information:(માહિતીનો પ્રકાર) પોલીસ સ્ટેશનમાં લખીને મોકલેલ

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર): પશ્ચિમ,2.00 (કિ.મી.) — Beat No. (બીટ નંબર):

(b) (ખ) Address (સરનામું): મોજે સેકટર-૧૧, કલેકટર કચેરી, ,<br>ગામ. ગાંધીનગર,<br>તા. ગાંધીનગર,<br>જી. ગાંધીનગર.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) — District (જીલ્લો)

6 Complainant/Informant:
(ફરિયાદી / બાતમીદાર)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (a) (ક) | Name (નામ) | ધૈવત કેતનભાઈ ધ્રુવ | (b) (ખ) | Father's/ Husband's Name (પિતા/પતિનું નામ) | કેતનભાઈ ધ્રુવ | |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | 39 | (d) (ઘ) | Nationality (રાષ્ટ્રીયતા) | ભારતીય | |

(e)
(ङ)

(f)
(ચ)

Occupation
(ધંધો)

નોકરી

(g)
(છ)

Address
(સરનામું)

રહે. ૮, શ્રીકુંજ સોસાયટી, નવા શારદા મંદીર રોડ, પાલડી, અમદાવાદ.મુળ રહે. ગામ બાંદરા, તા.ગોડલ, જી.રાજકોટ.
મો. નં.૮૧૨૮૫૬૭૪૨૨,
પાલડી, અમદાવાદ,
અમદાવાદ શહેર.

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| | Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|---|
| (1) | એસ. કે. લાંગા | | નિવૃત, કલેકટરશ્રી, ગાંધીનગર , ગામ. ગાંધીનગર, તા. ગાંધીનગર, જી. ગાંધીનગર. |
| (2) | જે તે વખતના તત્કાલીન ચીટનીશ | | |
| (3) | જે તે વખતના તત્કાલીન આર.એ.સી | | |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

,

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત
)

11 Inquest Report/U.D. case No. if any
(મ્રુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હો
ય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

આ કામે  હકીકત એવી છે કે ઉપર બતાવેલ તા. ટા અને જગ્યા એ એસ.કે.લાંગા, નિવૃત, કલેકટરશ્રી, ગાંધીનગર નાઓ એ પોતે રાજય સેવકના હોદ્દા ઉપર હોય તે દરમ્યાન પોતાના હોદ્દાનો દુરપયોગ કરી પોતાના તથા જે તે વખતના તત્કાલીન ચીટનીશ તથા આર.એ.સી તથા પોતાના મળતીયાઓના આર્થિક ફાયદા સારૂ સહઅધિકારીઓ/કર્મચારીઓ તથા અરજદાર/સામાવાળાઓ સાથે મળી પુર્વ આયોજીત કાવતરુ રચી જમીનના ખોટા એન.એ. હુકમો કરી સરકારમા ભરવાનુ થતુ પ્રિમીયમ નહી ભરાવી સરકારને આર્થિક નુકશાન કરી બીનખેડુતને ખેડુત તરીકે દર્શાવી તેમજ નવી શરતની જમીન જુની શરતમા દર્શાવી ખોટા પુરાવા ઉભા કરી ખોટા ડોક્યુમેન્ટ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી પોતે નિવૃત થયા બાદ દસ્તાવેજો/ હુકમોમા સહી કરી પોતે હોદ્દા ઉપર ન હોવા છતા ખોટા દસ્તાવેજ બનાવી જુની તારીખમા તેનો અમલ બતાવી ખરા તરીકે ઉપયોગ કરી પોતે તથા પોતાના મળતીયાઓએ મોટો આર્થિક ફાયદો મેળવી પોતાના તથા પોતાના પરીવારના સભ્યોના નામે અપ્રમાણસર મિલકત વસાવી, ભાગીદારીમા રાઈસ મીલ ચલાવી પોતાની સરકારી ફરજ દરમ્યાન ભ્રષ્ટાચાર કરેલ હોય ગુન્હો કર્યા વીગેરે બાબત.

Complaint(ફરિયાદ)

તા.૧૭/૦૫/૨૦૨૩

મારૂ નામ ધૈવત કેતનભાઇ ધ્રુવ ઉ.વ. ૩૯ ધંધો-નોકરી રહે.૮, શ્રીકુંજ સોસાયટી, નવા શારદા મંદીર રોડ, પાલડી , અમદાવાદ.મુળ રહે. ગામ બાંદરા, તા.ગોડલ, જી.રાજકોટ. મો. નં. ૮૧૨૮૫૬૭૪૨૨.

રૂબરૂમાં આવી જાહેર કરી મારી ફરીયાદ હકિકત લખાવુ છુ કે, હુ ઉપર બતાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને કલેક્ટર કચેરી ગાંધીનગર કલેક્ટર શ્રી નાઓના ચીટનીશ તરીકે ફરજ બજાવુ છું અને કલેકટર શ્રીની કચેરીના ક્રમાંક : સીબી/મકમ-૧/વશી/૧૪૨૫ થી ૧૪૨૬/૨૦૨૩ તા.૧૭/૦૫/૨૦૨૩ થી શ્રી એસ.કે.લાંગા આઇ.એ.એસ (નિવૃત) નાઓ વિરુધ્ધ ફરીયાદ કરવા સારૂ મને ઓથોરીટી લેટર આપેલ હોય તેમજ સામાન્ય વહીવટ વિભાગના ઉપસચિવશ્રી, જયમીન શાહ નાઓના પત્ર ક્રમાંક એ.આઇ.એસ.-૪૧/૨૦૨૩/૨૫૭૮-ગ, તા.૧૬/૦૫/૨૦૨૩ ના પત્રથી કલેકટરશ્રી ગાંધીનગરને ફોજદારી કાર્યવાહી હાથ ધરવાનો પત્ર આ સાથે રજુ કરુ છુ.

અમારી કચેરીના પત્ર ક્રમાંક આઇ.એ.એસ-૪૧-૨૦૨૨-૨૫૯૯૨૨-ગ થી એસ.ક.લાંગા (આઇ.એ.એસ) નિવૃત, તાત્કાલીન કલેકટર શ્રી ગાંધીનગર તરીકેના તા.૦૬/૦૪/૨૦૧૮ થી તા.૩૦/૦૯/૨૦૧૯ સુધીના કાર્યકાળ દરમ્યાન તેઓએ લીધેલા મહત્વના મેહસુલી નિર્ણયોની તપાસ કરવાની હોય ખાસ તપાસ અધિકારી તરીકે શ્રી વિનય વ્યાસા  આઇ.એ.એસ (નિવૃત) નાઓની નિમણુક થયેલ હોય અને તેઓએ ખાતાકીય તપાસના ખાસ અધિકારીની કચેરીના ક્રમાંક તપસ/SKL-વ-અ-૦૩-૨૦૨૩-ખાતઅ-વિ.વ્યાસ. તા.૦૬/૦૪/૨૦૨૩ થી તપાસનો વચગાળાનો અહેવાલ પાઠવેલ હોય અને આ અહેવાલમાં  એસ.ક.લાંગા (આઇ.એ.એસ) નિવૃત, તથા તત્કાલીન ચીટનીશ તથા આર.એ.સી નાઓ વિરુધ્ધ કાયદેસરના પગલા લેવા સુચન કરેલ હોય(તેઓના રિપોર્ટના આધારે) હુ મારી નીચે મુજબની ફરીયાદ નોંધાવુ છુ.

શ્રી એસ.ક.એલાંગા (આઇ.એ.એસ)(નિ) તાત્કાલીન કલેકટર શ્રી ગાંધીનગર દ્વારા તેમના કાર્યકાળ દરમ્યાન નીચે મુજબના મેહસુલી નિર્ણયો લેવામાં આવેલ છે.

(૧)જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫,૬૫/અ,૬૫/૨ હેઠળના નિકાલી કેસોની સંખ્યા ૪૧૫૨

(૨) પ્ર.સ.૫ નવી શરતની પ્રીમીયમ પાત્ર જમીન અંગેના નિકાલી કેસોની સંખ્યા ૧૨૮૧

(૩) જમીન મહેસુલ કાયદાની કલમ ૨૦૩ તથા ૨૧૧ અને જમીન મહેસુલ નિયમ ૧૯૭૯ ની કલમ ૧૦૮(૫) હેઠળના

કેસોની સંખ્યા ૩૬૧

(૪)સરકારી પડતર જમીન વિવિધ હેતુઓ માટે વ્યક્તી/સંસ્થાને ગ્રાન્ટ/ભાડા પટ્ટે આપેલ હોય તેવા કેસોની સંખ્યા ૧૧૦

આમ ઉપરોક્ત વિગતે કુલ ૫૯૦૪ જેટલી મોટી સંખ્યામાં ફાઇલોની ચકાસણી કરવાની થાય છે.

ઉક્ત જણાવેલ વિષયને લગતા કેસોની ચકાસણી હાથ ધરતા મુખ્યત્વે નીચે મુજબની જનરલ ક્ષતીઓ ધ્યાને આવેલ છે.

(૧) જે કેસોમાં પક્ષકારો સાથે આર્થીક સેટલમેન્ટ ના થાય ત્યાં સુધી ક્ષુલ્લક ક્ષતી કાઢી ફાઇલો નામંજુર કરી તે ફાઇલમાં તે જ રેકર્ડ આધારે પાછળથી મંજુર કરેલ છે.

(૨)એન.એ પરવાનગીના સંખ્યાબંધ કેસોમાં નવી શરત જમીન જણાતી હોવા છતા તેને જુની શરતની ખોટી રીતે ગણી તે મુજબ નિર્ણય કરતા સરકારને ખુબ જ મોટી રકમનિ પ્રીમીયમનુ આર્થીક નુકશાન થયેલ જણાય છે જે નુકશાન તેમની પાસેથી કરવા સુચન છે.

(૩)બિન ખેડુતને પુરાવા કે આધાર વિના ચકાસણી કર્યા વિના ખેડુત હોય તે રીતે ગણી બિનખેતીના કેસો મંજુર કરેલ છે કોઇ પણ ફાઇલમાં અરજદાર અને વચ્ચેના વેચાણ કરનારા અને વેચાણથી લેનારા મુળના ખેડુત છે કે કેમ? તેની વિગતો ફાઇલ કે રેકર્ડ પર જણાતી નથી અને તે માટે વિગતો મેળવી ચકાસણી કરતા ઘણા કિસ્સામાં મુળના ખેડુત ન હોવા છતા બિન્ખેતીની મંજુરીઓ ગ.ધા.ક-૬૩/૮૪ ની જોગવાઇ નજર અંદાજ કરી આપવામાં આવેલ છે જ્યાં વિગતો માંગવા છાતા મળેલ છે. ત્યાં પેરામાં તે પુરતો ઉલ્લેખ કરેલ છે. જે ધ્યાને લેવા વિનંતી (એનેક્ષર-૧૧)

(૪) અમુક બિનખેતીના કિસ્સામાં હાઇકોર્ટના હુકમનુ ખોટુ અર્થઘટન કરી અરજદારની તરફેણમાં એન.એ. કેસ મંજુર કરેલ છે

(૫)પેથાપુર તા.જી.ગાંધીનગર ૩૦,૪૩૧ ચો.મી જેવી કિમતી જમીન અગાઉ બે-બે વખત નાયબ કેલેક્ટર શ્રી દ્વારા આ જમીન સરકારી ઠરાવેલ છતા એલ.આર.સી ની કલમ ૩૭(૨) માં પરીપત્ર મુજબ સરકારીની પુર્વ મંજુરી સિવાય પોતાને અંગત લાભ થાય અને અરજદારને ફાયદો કરાવાના હેતુથી  ખાનગી ઠરાવવા હુકમ કરી આપેલ છે અએ વધુમાં બિનખેડુતને ખેડુત બનાવેલ છે આ ખુબ જ મોટુ ગંભીર કૌભાડ જણાય છે.

(૬)ગ.ધા.ની જોગવાઇનો ખુલ્લેઆમ ભંગ કરી સરકારના હિત વિરુધ્ધ નિર્ણય કરેલ છે

(૭)આર.એ.સી ,ડી.સી.એલ.આર આ ફાઇલ પર નકારાત્મક અભિપ્રાયો હોવા છતા બિનખેતીની મંજુરી આપેલ છે

(૮)કેટલાક કિસ્સ્માં સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાપાત્ર હોવા છતા તેમાં વસુલ ન કરી સરકારનુ આર્થીક હિત જોખમાય તે રીતે કામગીરી કરેલ છે.

(૯) વહિવટકર્તા ટ્રસ્ટની જમીનો સક્ષમ અધિકારીની પુર્વ મંજુરી વગર વેચી શકે નહી તેમ છતા આ બાબતે નજર અંદાજ કરી જમીનો એન.એ.કરેલ છે.

(૧૦) બિનખેતી ફાઇલ પી.એ પાસે ઇન્વર્ડ આઉટ્વર્ડની નોંધ કર્યા સિવાય બદ ઇરાદાપુર્વક પોતાની પાસે લાંબા સમય સુધી રાખી મુકેલ છે તે માટે મેળાપીપણામાં તે વખતના પી.એ પણ જવાબદાર છે કેટલાક કિસ્સામાં ઇનવર્ડ કરેલ છે પણ આઉટવર્ડ કરેલ નથી

(૧૧) તેઓ તા.૩૦/૦૯/૨૦૧૯ ના નિવૃત થતા હોઇ સંખ્યાબંધ ફાઇલો છેલ્લા દિવસોમાં મંગાવી બિનખેતી કરેલ છે આમ શંકાસ્પદ કાર્યવાહી થઇ હોય તેમ જણાય છે તા.૩૦/૦૯ નિવૃત થયા બાદ પણ જુની તારીખોમાં નિર્ણય કરેલા કિસ્સા પણ ધ્યાને આવેલ છે જે ગંભીર છે.

(૧૨)મોટા ભાગના કેસોમાં આર.ઓ.આર નો ભંગ કરી નિર્ણય લીધેલ હોવાનુ જણાય છે.

(૧૩) અમુક કેસોમાં ટુકડાધારનો ભંગ થતા હોઇ તેની જોગવાઇ નજર અંદાજ કરી નિર્ણય લીધેલ હોવાનુ જણાય છે.

(૧૪)ટી.પી. મુજબ એફ.પી આવ્યા પછી મુળ વિસ્તાર પ્રમાણે બિનખેતી કરી શકાય નહી તેમ છતા આપેલ હોવાનુ જણાય છે

(૧૫) બિનખેતીનુ પ્રીમીયમ ભર્યા બાદ જે ખેડુતે આ પ્રીમીયમ ભરેલ છે તે ખેડુતે વેચાણ કરેલ છે જેથી પરીપત્ર મુજબ ખેતીથી ખેતીની જમીનનુ જંત્રીના ૨૫%  મુજબ વધારાનુ પ્રીમીયમ લેવાનુ થાય તે નુકશાન થયેલ હોવાનુ જણાય છે તે નજર અંદાજ કરેલ છે

(૧૬)મામલતદાર શ્રી અને કૃષીપંચના હુકમો રિવ્યુ થયેલ ન હોવા છતા બિનખેતી પરવાનગી આપેલ છે

(૧૭) નામદાર હાઇકોર્ટ અને ટ્રીબ્યુલનના હુકમો જે સરકાર શ્રીના હિત વિરુધ્ધના છે તે સરકાર દ્વારા સ્વીકારેલ છે કે કેમ ? તેની ચકાસણી વિના હુકમ કરેલ છે

(૧૮) ઘણા કેસોમાં ગણોતધારાની કલમ ૮૪(સી) તળે કાર્યવાહી કરવાની થતી હતી અને જમીન સરકાર દાખલ કરવાની થતી હોવા છતા બિન ખેતી હુકમ કરી આપેલ છે આવી કાયાદાકીય જોગવાઇઓ સરકારના નિતીનિયમો અને સ્થાઇ સુચ નાઓ નજર અંદાજ કરી બીન ખેતી કરવાથી બિનજરૂરી દાવાદુવી થાય તેમ છે અને બિનખેતી પછીના વ્યવહારો માટે પ ણ પ્રશ્નો ઉભા થવા સંભવ છે.

(૧૯) શ્રી લાંગા પોતે મુળના ખેડુત ન હોવા બાબતે રજુઆત મળતા તેના મેળવેલ પુરાવા આ સાથેના પરીશિષ્ઠથી મુકલે છે

(૨૦) આર.આઇ.સી દ્વારા જનરલ નિરિક્ષણ અન્વયેનુ પરીશિષ્ઠ સામેલ છે.

મુલાસણા તા.કલોલ ના કેસો

ગામ-મુલસણા તા.કલોલના કેસોમાં નિચે મુજબની વિગતે ગેરેરીતી થયેલ છે

☐ ગામ-મુલસણા તા.કલોલ મુદ્દા જુદા સર્વે નંબરવાળી જમીનમાં રહેણાંક માટે બિનખેતી પરવાનગી બાબતે કલેકટર શ્રીએ તેમના પત્રમાં તા.૦૯/૦૬/૨૦૧૪ અને તા.૨૬/૦૯/૨૦૧૪ થી માર્ગદર્શન માંગેલ મહેસુલ વિભાગ તરફથી તેમના પત્ર નં ૧૫/૧૦/૧૪ અને ૧૬/૧૦/૧૪ થી સ્પષ્ટતા કરવામાં આવેલ ત્યારબાદ મહેસુલ વિભાગમાં તા.૧૩/૧૧/૨૦૧૪ ના પત્રથી આપવામાં આવેલ માર્ગદર્શન પ્રમાણેની કાર્યવાહી સ્થગીત કરવામાં આવેલ ત્યારબાદ તા.૦૯/૦૧/૨૦૧૯ ના મ હેસુલ વિભાગના પત્રથી એડવોકેટ જનરલના તા.૧૬/૦૯/૨૦૧૬ ના પત્રથી આપેલ માર્ગદર્શન ધ્યાને લઇ તા.૧૩/૧૧/ ૨૦૧૪ ના પ્રથી રદ કરેલ છે જે જોતા માંગવામાં આવેલ માર્ગદર્શન તે સાથેના રેફરન્સ કરેલા સર્વે નં પુરતુ હતુ પરંતુ તે સિવાયના કિસ્સામાં લાગુ પાડી બિનખેતી પરવાનગી આપેલ છે જે યોગ્ય નથી વધુમાં રેકર્ડ પરની સંપુર્ણ માહીતી સરકાર ના ધ્યાને મુકેલ નથી એડવોકેટ જનરલનો અભિપ્રાય જોતા તેમને પ્રસ્તુત કિસ્સામાં ખેત ટોચ મર્યાદા ધારો લાગુ પડે છે પ રંતુ ત્યારબાદ ઉત્તરોત્તર વ્યવહારો થયેલા સમય મર્યાદા મુદ્દે સીલીંગ મર્યાદા ધારા હેઠળ કાર્યવાહી કરવી ઉચિત્ત નથી તેવો અભિપ્રાય આપેલ છે આમ ઉકત્ત બાબતે આ અંગે બેક રેફરન્સ કરવાને બદલે કાર્યવાહી કરેલ છે તે યોગ્ય નથી

☐ આમ ઉપરોક્ત વિગતે માંગવામાં આવેલ માર્ગદર્શન મુજબ સીલીંગ ધારો લાગુ પડે તે બાબતે સ્પષ્ટ છે તેથી તે અંગે કાર્યવાહી કરવા પાત્ર હતી જે તે વખતે કાર્યવાહી નથી કરી તે માટે જે તે વકહતના સંબધિત અધિકારીની જવાબદારી રહે પરંતુ એન.એ કરતી વખતે આ બાબતે ધ્યાને લેવી પડે અને તે મુજબની આગળની કાર્યવાહી કરવી પડે

☐ મુલાસણાના કેસોમાં અન્ય ક્ષતીઓ નીચે મુજબની ધ્યાને આવેલ છે.

નોંધ નં ૯૩૮ તા.૨૩/૦૨/૨૦૦૦ થી મુળ માલીકીના ૨૦ વારસો રેકર્ડ ઉપર ટોચમર્યાદા ધારાઓથી છટકવા માટે દાખલ કરાયા છે તે નોંધ રદ કરવા માટેની કાર્યવાહી કરવા પાત્ર છે કારણ કે ૧૯૭૬ ની સ્થીતીએ ખેતી ટોચ મર્યાદા ધારા મુજબ કેસ ચલાવવાનો થાય છે.

☐ પાંજરાપોળ નોંધ નં ૪૭૫ થી કબ્જે દાર તરીકે ૯૯ વર્ષના પટ્ટેથી હોવા છતા દાખલ થયેલ છે પરંતુ પાંજરાપોળ પટ્ટે દાર છે માલીક નહી તેથી કબ્જે દાર તરીકે નામ દાખલ થઇ શકે નહી તે માટે કાર્યવાહી કરવા પાત્ર છે

☐ પાંજરાપોળે ગ-ધારની કલમ ૮૮(બી) નુ પ્રમાણપત્ર મેળવેલ છે તે ખોટુ મેળવેલ છે કારણ કે આવી મુક્તી માત્ર જ મીન માલીકને મળે પટ્ટે દારને નહી પાંજરાપોળ પટ્ટેદાર છે અને આ પ્રમાણપત્ર રિવ્યુ થયેલ ન હોય રદ કરવાની કાર્યવા હી કરવી પડે જો કે મહેસુલ વિભાગે તેમના તા.૧૫/૧૦/૧૪ ના પત્રથી નામદાર હાઇકોર્ટના હુકમ મુજબ આ પ્રમાણપત્ર અપાયેલ છે તેથી રિવ્યુ કરવાની જરૂર નથી તેમ જણાવેલ છે પરંતુ આ પ્રમાણપત્ર હાઇકોર્ટ દ્વારા કેસ રિમાન્ડ કરેલ છે તે હુકમના આધારે કેસ ચલાવી પ્રાંત ઓફીસરે આપેલ છે. અને તે રિવ્યુ થયેલ નથી.

☐ રિ.સર્વે નં ૮૭૯ માં નોંધ નં ૩૮૪ થી રાયસંગજી અમથાજી દ્વારા ગ.ધા. હેઠળ નમુના ૯ નુ પ્રમાણપત્ર આપેલ છે તેની નોંધ છે અને ૭/૧૨ માં પાંજરાપોળ ટ્રસ્ટ બીજા હકમાં બતાવેલ છે. તે બાબતે પાંજરાપોળ દ્વારા વાંધો પણ લી ધેલ નથી આમ પાંજરાપોળ માલીક ન હોવા છતા ખોટી રીતે ૮૮(બી) નુ પ્રમાણપત્ર મેળવેલ છે તે સાબીત થાય છે.

☐ વધુમાં આ કેસમાં ગણોતીયા ઠરાવ્યા બાદમાં પ્રીમીયમ લઇ એન.એ કરેલ છે તેજ ધોરણ નોંધ નં ૨૪૯ માં દર્શાવેલ

અન્ય ગણોતીયા માટે કેસ ચલાવી નમુનાનો આપેલ હોત તો પણ પ્રીમીયમ મળવા પાત્ર થાય જે બાબત અવગણી બિનખેતી કરતા સરકારને પ્રીમીયમનુ નુકશાન થયેલ છે જે ધ્યાને લેવાપાત્ર છે.

☐ નોંધ નં ૩૪૯/૩૩ રાંચરડા પાંજરાપોળ (અમદાવાદ પાંજરાપોળ) નુ નામ ગણોતીયા તરીકે નોંધાયેલ છે આ બાબતે એન.એ કરતી વખતે ધ્યાનમાં લેવી પડે જે લીધેલ નથી.

☐ વાદગ્રસ્ત જમીનમાં સમયાંતરે વેચાણો પટ્ટેદાર રેકર્ડ ઉપર હોવા છતા ઘણા કિસ્સામાં થયેલ છે જેની નોંધ ખોટી રીતે મંજુર થયેલ છે તે અંગે કાર્યવાહી કરવી પડે કારણકે ભાડાપટ્ટે કમી થયેલ નથી અને વેચાણ થયેલ છે

☐ તેમજ નોંધ ૨૪૯ ની વિગતે તેમાં દર્શાવેલ ગણોતીયા પણ કમી થયા નથી જે ધ્યાનમાં લઇ કાર્યવાહી કરવી પડે

☐ આમ જમીન માલીક કે પાંજરાપોળ કે ટ્રસ્ટ બે માંથી એક પણ વ્યક્તીએ ટોચ મર્યાદા ધારા હેઠળ ફોમ ભરેલ નથી તેથી આ કાયદા અન્વયે કેસ ચલાવી ફાજલ જમીન જે સરકારને મળનાર હતી.તેમાં એન.એ થઇ ગયેલ છે

☐ પાંજરાપોળ દ્વારા ખોટીરીતે કબ્જે દાર તરીકે નામ દાખલ થયેલ તે આધારે તેનો ખોટી રીતે ગેરલાભ લીધેલ છે તેની કાર્યવાહી થવી જરૂરી છે

☐ કલેકટર કચેરી દ્વારા પણ ટોચમર્યાદા ધારાની કલમ ૧૩ મુજબ ૧૯૭૬ ની સ્થીતીનો ફાજલ જમીનની યાદી તૈયાર કરી નોંધ પાડેલ નથી

☐ ગ.ધા.ની કલમ ૩૨(ઓ) તા.૨૪/૦૭/૨૦૦૯ ના રોજ આ કલમ રદ કરવામાં આવેલ છે તેમ છતા તે પહેલા અને તે પછી કેસો ચલાવી ગણોતીયા રદ કરવાનો હુકમ કરેલ છે જે યોગ્ય નથી આ પૈકી કેટલાક કેસો રિવ્યુ પણ થયેલ નથી જે માટે પણ કાર્યવાહી કરવાની થાય છે આ કેસોના હુકમો જોતા તેમા ગ.ધા.ની કલમ ૩૨(ઓ) .૩૨(૨),૭૦(બી) ની કલમો દર્શાવેલ છે અને આ કેસો ચલાવવાની વખતે જમીન માલીક પાંજરાપોળ ન હોવા છતા તેને પક્ષકાર બનાવી હુકમો કરેલ છે અને નાયબ કલેકટર(જ.સુ)એ રિવ્યુ પણ કરેલ છે તે કાયદા વિરુધ્ધ છે.

ધરતી સામુદાયિક સરકારી મંડળી

☐ ધરતી સામુદાયીક ખેત સરકારની મંડળીને કલેકટશ્રી ગાંધીનગરના તા.૧૩/૦૯/૨૦૦૫ ના હુકમથી ૧૮ સર્વે નંબરોની ખેતીની જમીન ખરીદવા ગ.ધા કલમ ૬૩ નિયમ -૩૬ મુજબ જાતે ખેતી કરવા મંજુરી આપેલ તેના હુકમની શરત નં ૮ અને ૧૦ મુજબ અન્ય ખેતીની જમીન પુર્વ મંજુરી વગર લઇ શકાય નહી તે સામે જી.આર.ટી એ મંડળીએ કેસ દાખલ થતા જી.આર.ટી દ્વારા તા.૧૭/૦૩/૦૮ ના હુકમની આ શરતો રદ કરી છે

☐ આ હુકમ તત્કાલીન સરકારના હિત વિરુધ્ધ હોય પડકારવાની જરૂર હતી પરંતુ તે બાબતે કાર્યવાહી તે વખતે થયેલ નથી અને હાલ તા.૨૧/૦૯/૨૦૧૯ ના પત્રથી તા.૦૬/૦૫/૨૨ ના પત્રથી ચુકાદો સ્વીકારવો કે કેમ ? તે માર્ગદર્શન માંગેલ છે જે પુરતુ નથી કારણ કે કલેકટર શ્રી દ્વારા આમાં સ્પષ્ટ અભિપ્રાય આપવો પડે કે સરકારના હિત વિરુધ્ધનો ચુકાદો હોય અપીલ કરવા પાત્ર છે અને આ બાબત ધ્યાને આવતા અત્રેના તા.૧૪/૦૯/૨૨ ના પત્રથી અમોએ વિગતવારના કારણો સાથે દરખાસ્ત કરેલ છે જે મહેસુલ વિભાગમાં પડતર છે જે અન્વયે સત્વરે કાર્યવાહી થવી જરૂરી છે

☐ કેટલાક કિસ્સામાં જી.આર.ટી નો તા,૧૭/૦૩/૦૮ નો ચુકાદો આવે તે અગાઉ મંડળીએ જમીન ખરીદી છે જે માટે ગ.ધા.ની કલમ ૬૩ ની સ્પષ્ટ ભંગ થાય છે તે માટે કાર્યવાહી કરવી જોઇએ તે કરેલ નથી.દા.ત તા.૨૮/૦૩/૦૬ વિના મંજુરી વિના કેટલીક જમીનો મંડ્ળીએ ખરીદેલ છે

☐ મંડળીને ખેડુતનો ખાસ દરજ્જો આપી ખેતીની જમીન જાતે ખેતી કરવાની શરતે ખરીદવાની મંજુરી આપેલ છે તેનો પણ અમલ થયેલ નથી અને વધુમાં આ મંજુરીનો દુરપયોગ કરી જી.આર.ટીના તા.૧૭/૦૩/૦૮ ના ચુકાદાના આધારે અન્ય જમીનો મોટાપાયે ખરીદી જાતે ખેતી નહી કરતા વેચાણ કરી નફા કારક પ્રવુત્તી પણ કરવામાં આવેલ છે અને આડકતરી રીતે ટોચમર્યાદા ધારાની જોગવાઇમાંથી પણ છટકી ગયેલ છે કારણ કે વ્યક્તીગત રીતે જમીન ખરીદે તો ગ.ધા. ની કલમ ૬૩ નો અને ટોચમર્યાદાનો પ્રશ્ન નડે તેમ હતો

☐ કલેકટરે સરકારમાં જી.આર.ટી ના તા.૧૭/૦૩/૦૮ ના ચુકાદા સામે અપીલ કરવા માર્ગદર્શન માંગેલ પરંતુ તે માટે માર્ગદર્શન મળે તે પહેલા બિનખેતીની ફાઇલો મંજુર કરેલ છે જે ખુબ જ ગંભીર છે અને માર્ગદર્શનો પત્ર લખ્યા બાદ પણ ઘણા કિસ્સામાં બિનખેતી અપાયેલ છે જે કરી શકાય નહી અને હાલમાં આ બીનખેતી મંજુરી ચાલુ છે જે કલેકટરનુ આ

ક્રુત્ય બદઈરાદા વાળુ અને અંગત લાભ માટે કરેલ છે તેમ જણાય છે

- □ પાંજરાપોળ ટ્રસ્ટ દ્વારા જે જમીનોમાં પટ્ટો પુરો થયેલ છે તે અંગે કાર્યવાહી કરવા પાત્ર થાય જે કરેલ નથી
- □ પાંજરાપોળ ટ્રસ્ટ દ્વારા પટ્ટાની મુદત પુરી થતા અગાઉ તે માટે રીલીઝ ડીડ ત્રાહીત વ્યક્તીના નામે કરી આપેલ છે જે યોગ્ય નથી કારણ કે આવુ રિલીઝ ડીડ મુળ માલીકના નામે કરવાનુ થાય

તારણ

ઉપરોક્ત વિગતો જોતા શ્રી લાંગા નીચે દર્શાવેલ બાબતો માટે જવાબદાર જણાય છે

(૧) તેઓ ફરજમાં નિષ્ઠાનો અભાવ ,પ્રમાણીકતાનો અભાવ

(૨) અંગત હિત માટે સરકારના નિતીનિયમો અને કાયદાની જોગવાઈઓને નજર અંદાજ કરેલ છે.

(૩) કલેકટર શ્રીએ peak and choose ની નીતી અપનાવેલ છે

(૪) જ્યાં આર્થીક સેટલમેન્ટ ન થાય ત્યાં અરજદારોને હેરાન કરેલ હોય તેમ રેકર્ડ પરથી જણાય છે

(૫) સરકારને કરોડો રૂપીયાનુ પ્રીમીયમનુ નુકશાન કરેલ છે તેની પાછળ તેમનો Menserea ધ્યાને લેવા પાત્ર છે જે વસુલ કરવાનુ થાય

(૬)ક્રીમીનલ બીચ ઓફ ટ્રસ્ટ કરેલ છે

(૭) તા.૩૦/૦૯/૨૦૧૯ ના રોજ નિવૃત થતા હોવા છતા સંખ્યાબંધ એન.એ ના કેસો છેલ્લા વીકમાં અને અમુક કિસ્સામાં નિવૃતીબાદ નિર્ણય કરેલ છે જે શંકાસ્પદ અંગત હિત માટે કાર્યવાહી કરેલાનુ જણાય છે

(૮) સમગ્ર કામગીરીમાં ગંભીર ગેરરીતીઓ અને અનિયમીતતા જોવા મળેલ સત્તાનો સરેઆમ દુરપયોગ કરેલ છે.

ઉપરોક્ત હકિકતો ધ્યાને જોતા આ તમામ મુદ્દાઓ અન્વયે કાયદાકીય જોગવાઈઓ રેકર્ડની હકિકત નજર અંદાજ કરી ફાજલ થવા પાત્ર જમીનમાં આર.ઓ.આર ની જોગવાઈ વિરુધ્ધ એન.એ કરેલ છે તેમજ નવી શરતની જમીનમાં સરકારને મળવા પાત્ર પ્રીમીયમનુ મોટી રકમનુ નુકશાન કરેલ છે

આમ શ્રી એસ.કે.લાંગા આઈ.એ.એસ (નિવૃત) કલેકટર શ્રી ગાંધીનગર દ્વારા સરકારી હિત વિરુધ્ધ અને ખાનગી વ્યક્તિઓની તરફેણ કરી નિર્ણયો કરતા તેઓની પ્રમાણીકતા અને નિષ્ઠાનો અભાવ દર્શાવેલ છે સરકાર શ્રીને નાણાકીય નુકશાન કરી કરેલ ખોટા નિર્ણયો માટે તેઓ જવાબદાર છે

વધુમાં નીચેની વિગતે સત્વરે કાર્યવાહી કરવા સુચન છે .

(એ)કલેકટર શ્રીના મેળાપીપણામા તાત્કાલીન ચીટનીશ આર.એ.સી. દ્વારા સાથ આપવામા માટે તેમના સામે પગલા લેવા સુચન છે.

(બી) શ્રી લાંગા સામે પોલીસ કેસ એફ.આઈ.આર. કરી ધરપકડ થાય અને જામીન ન મળે તેવા પ્રયાસ કરવા જરૂરી છે.

(સી) શ્રી લાંગા દ્વારા ગાંધીનગર જીલ્લામા ખોટી રીતે સાબરમતી નદીમા રેતીની લીઝો અને બંધુકના પરવાના આપેલ છે તે બાબતે તપાસ થવા સુચન છે.

(ડી) કલેકટરશ્રી લાંગાના કથીત ભાગીદારશ્રી બળવંત જેઓ અમદાવાદ જીલ્લાના બાવડા તાલુકાના ઢેઢાળ ગામના વતની છે તેમની બાવળામા રાઈસ મીલ છે અને કલેકટરશ્રીની તેમા ભાગીદારી છે તેમની સાથે એગ્રીમેન્ટ કરાર થયેલો છે તેવી રજુઆત મળેલ છે.

સાણંદમા તેમના પરીવારના નામે ફાર્મ હાઉસ બોપલમા સ્કાય સીટીમા બંગ્લોઝ અને ચાર દુકાનો છે આ સિવાય તેમની પાસે તેમના તથા કુંટુબના સભ્યોના બેનામી મિલકતો હોવાનુ ધ્યાને આવેલ છે તે માટે તેમજ આવક કરતા વધુ મિલકતો ધરાવવા બદલ તપાસ એ.સી.બી. દ્વારા કરાવવા વિનંતી છે.

(ઈ) અત્રેથી તા.૧૪/૦૯/૨૦૨૨૨૦૨૨ના રોજ કમિશ્નરશ્રી લેન્ડ ડીપાર્ટમેન્ટ મોજે મુલસણા તા.કલોલમા ધરતી સામુદાયીક ખેતમંડળી કલેકટરશ્રીના હૂકમને જી.આર.ટીમા પડકારેલ અને મહેસુલ પંચનો ચુકાદો સરકાર વિરુધ્ધનો હોય તે પડકારવા દરખાસ્ત કરેલ છે તે અંગે કાર્યવાહી થયેલ નથી તે સત્વરે કરવા મહેસુલ વિભાગને સુચના આપવા વિનંતી છે. .(એનેક્ષર-૧૨)

(એફ) તે રીતે અત્રેથી તા.૨૦/૦૧/૨૦૨૩૨૦૨૩ના રોજ મહેસુલ વિભાગને દરખાસ્ત કરી પેથાપુર તા.જી.ગાંધીનગરના મા ૩૦૪૨૧ મીટર સરકારી જમીન ખોટી રીતે ખાનગી કરેલ છે તે અંગે તત્કાલીક કલેકટરશ્રી દ્વારા તા.૧૩/૦૧/૨૦૨૧ ૨૦૨૧થી સમીક્ષા માટે દરખાસ્ત કરેલ છે પરંતુ વિભાગ કક્ષાએથી કોઇ નિર્ણય કરેલ નથી તેમા કલેકટરશ્રી લાંગાનો જ.મે. કાયદાની કલમ ૩૭(૨) નો નિર્ણય સરકાર હીત વિરુધ્ધનો હોય અને કાયદાકીય રીતે યોગ્ય નિર્ણય ન હોય તે નામંજુર કર વા મહેસુલ વિભાગને સુચના આપવા વિનંતી છે.(એનેક્ષર-૯)

સદરહુ બાબતે મોટા પ્રમાણમા રેકર્ડ ચકાસવાનુ હોય તેમા સમય જાય તેમ હોય હાલ વચગાળાનો રીપોર્ટ રજુ કરેલ છે જેથી તે આધારે તેમની શીસ્ત ભંગની કાર્યવાહી તા.૩૦/૦૯/૨૦૧૯ નિવૃત થયેલ હોય સમયમર્યાદામા થઇ શકે

આમ ઉપરોકત હકિકત ખાસ તપાસ અધિકારી શ્રી વિનય વ્યાસા (નિવૃત)નાઓના વચગાળના તપાસ અહેવાલ મુજ બની છે આ સાથે ખાસ તપાસ અધિકારીશ્રીએ આપેલ ચાર ડી.વી.ડી. જેને ક્રમશ માર્ક-એ, બી, સી, ડી આપી તેના ઉપર મારી સહી કરી રજુ કરુ છુ તથા તેઓના વચગાળાના અહેવાલની નકલ રજુ કરુ છુ.

આમ તા.૦૬/૦૪/૨૦૧૮ થી તા.૩૦/૦૯/૨૦૧૯ દરમ્યાન એસ.કે.લાંગા, નિવૃત, કલેકટરશ્રી, ગાંધીનગર નાઓએ પોતે રાજય સેવકના હોદ્દા ઉપર હોય તે દરમ્યાન પોતાના હોદ્દાનો દુરપયોગ કરી પોતાના તથા જે તે વખતના તત્કાલીન ચીટનીશ તથા આર.એ.સી તથા પોતાના મળતીયાઓના આર્થિક ફાયદા સારૂ સહઅધિકારીઓ/કર્મચારીઓ તથા અરજદાર/ સામાવાળાઓ સાથે મળી પુર્વ આયોજીત કાવતરુ રચી જમીનના ખોટા એન.એ. હુકમો કરી સરકારમા ભરવાનુ થતુ પ્રિમી યમ નહી ભરાવી સરકારને આર્થિક નુકશાન કરી બીનખેડુતને ખેડુત તરીકે દર્શાવી તેમજ નવી શરતની જમીન જુની શરત મા દર્શાવી ખોટા પુરાવા ઉભા કરી ખોટા ડોક્યુમેન્ટ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી પોતે નિવૃત થયા બાદ દસ્તાવે જો/ હુકમોમા સહી કરી પોતે હોદ્દા ઉપર ન હોવા છતા ખોટા દસ્તાવેજ બનાવી જુની તારીખમા તેનો અમલ બતાવી ખ રા તરીકે ઉપયોગ કરી પોતે તથા પોતાના મળતીયાઓએ મોટો આર્થિક ફાયદો મેળવી પોતાના તથા પોતાના પરીવારના સ ભ્યોના નામે અપ્રમાણસર મિલકત વસાવી, ભાગીદારીમા રાઇસ મીલ ચલાવી પોતાની સરકારી ફરજ દરમ્યાન ભ્રષ્ટાચાર ક રેલ હોય મારી તેઓ વિરુધ્ધ તથા તપાસ દરમ્યાન જણાઇ આવે તે તમામ વિરુધ્ધ કાયદેસર થવા ફરીયાદ છે.

એટલી મારી ફરીયાદ હકિકત મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે.

રૂબરૂ

(પી.બી.ચૌહાણ)
પોલીસ ઈન્સ્પેકટર
સેકટર-૭ પોલીસ સ્ટેશન
ગાંધીનગર

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધ રી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- દ લસુખભાઇ સવજીભાઇ પટેલ Rank(હોદ્દો):- નાયબ પોલીસ અધિક્ષક
No.:- dsp181267 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded a nd a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવે લ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 Signature/Thumb Impression of the complainant/informant.
(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ)

Name (નામ) અમ્રુતલાલ રણછોડલાલ મકવાણા

Rank (હોદ્દો) હેડ કોન્સ્ટેબલ GPF No (જીપીએફ નંબર) pol94572

15 Date and time of dispatch to the court.
(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય) 17/05/2023 22:00